ચાલુ યોજના

વર્ષ ૨૦૨૬-૨૭

રોગચાળા, મહારોગચાળા સમયે પશુ/મરઘાં/બતકાંના મૃત્યુ સામે વળતર ચુકવવાની યોજનાને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: ACD/PAR/e-file/2/2023/5153/P1

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ACD/PAR/e-file/2/2023/5153/P1, તા. ૨૮/૦૩/૨૦૨૫.

(૨) પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ફાઇલ નં. DOAH/ADA/e-file/304/2025/2755/Livestock, તા. ૨૩/૦૯/૨૦૨૫.

(૩) પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ફાઇલ નં. DOAH/ADA/e-file/304/2025/2755/Livestock, તા. ૨૧/૦૨/૨૦૨૬.

**આમુખ:-**

પશુપાલન પ્રવૃત્તિએ રાજ્યના ગ્રામ્ય વિસ્તારની રોજીરોટી માટેનો એક મુખ્ય વ્યવસાય છે અને પશુપાલન થકી મળતી પેદાશો માનવીની મુખ્ય જરૂરીયાત છે. કુદરતી આફતો જેવી કે પુર/ અતિવૃષ્ટિ/ દુષ્કાળ/ ભુકંપ/ વાવાઝોડું વિગેરેની પરિસ્થિતિમાં જ્યારે સામુહિક પશુ મૃત્યુના બનાવ બને તેવા સંજોગોમાં રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા જે-તે જીલ્લાના કલેક્ટરશ્રી દ્વારા આવી સહાય ચૂકવવામાં આવે છે પરંતુ તે સિવાયના કિસ્સાઓ જેવા કે એન્થ્રેક્ષ, હડકવા, બર્ડ ફ્લ્યુ, પોઇઝનીંગ (ફૂડ પોઇઝનીંગ, કેમિકલ પોઇઝનીંગ, સ્નેક બાઇટ) તથા પશુપાલકને આર્થિક રીતે નુકશાન કરતા અન્ય રોગોથી પશુમરણ થાય તેવા કિસ્સાઓમાં ખાસ કરીને ગરીબ પશુપાલકોની રોજી રોટી છીનવાઇ જાય છે તથા ખૂબજ મોટું આર્થિક નુકસાન થાય છે. આવા સંજોગોમાં પશુમાલિકોને તેઓના પશુઓના બજાર કિંમતના પ્રમાણમાં વાજબી આર્થિક મદદ મળી રહે તે હેતુથી સદર યોજનાને વર્ષ ૨૦૨૫-૨૬ માં ચાલુ બાબત તરીકે સંદર્ભ-(૧) થી વહીવટી મંજુરી મળેલ છે.

વંચાણે લીધા- (૨)ના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે સદરહું ચાલુ બાબત માટે રૂ.૦.૧૨ કરોડની પૂર્વ અંદાજપત્રીય ચકાસણી દરખાસ્ત રજૂ કરેલ. તેથી વર્ષ ૨૦૨૬-૨૭ના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અંદાજપત્રમાં આ ચાલુ બાબત માટે રૂ.૦.૧૨ કરોડ (અંકે રૂપિયા બાર લાખ પૂરા) ની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ. વંચાણે લીધા-(૩) પરના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરી દ્વારા સદરહુ ચાલુ બાબત માટે અંદાજપત્રમાં થયેલ રૂ.૦.૧૨ કરોડ (અંકે રૂપિયા બાર લાખ પૂરા) ની જોગવાઇ સબંધે વહીવટી મંજૂરી મેળવવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે પશુપાલન નિયામકશ્રીના સંદર્ભ-૨ માં દર્શાવેલ પત્રથી કરેલ દરખાસ્તને સને ૨૦૨૬-૨૭ માં રૂ. ૦.૧૨ કરોડની જોગવાઇ સાથે નીચેની શરતો અને બોલીઓને આધિન વહીવટી મંજુરી આપવાનું સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે છે.

**શરતો અને બોલીઓ :-**

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી રહેશે.
2. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

6. નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
7. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
8. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
9. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
10. જો કોઇ કેંદ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળેથી જ ખરીદી કરવાની રહેશે.
11. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
12. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
13. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
14. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
15. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર. એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે “ઈ” ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. આ મંજૂરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક એસ.પી.ઓ.-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ- તા. ૦૧/૧૦/૨૦૧૮ તથા પરિપત્ર ક્રમાંક એસ.પી.ઓ. -૧૦૨૦૧૮-જી.ઈ.એચ.- તા. ૦૫/૧૨/૨૦૧૮ મુજબ કરવાની રહેશે.
17. આ યોજના હેઠળ જગ્યાઓની મંજૂરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે.
18. વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ લેખાનુદાન જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણાં વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
19. પશુ મરણનું સહાય ધોરણો મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તા.૧૦/૧૦/૨૦૨૩ મુજબ રાખવાનું રહેશે.
20. કુટુંબ દીઠ વધુમાં વધુ (દુધાળા મોટા) ગાય,ભેંસ, ઉંટ વર્ગના ૩ (ત્રણ) પશુઓ અથવા (દુધાળા નાના) ઘેટાં, બકરાંના મહત્તમ ૩૦ (ત્રીસ), અથવા (બિન દુધાળા મોટા) ઘોડા, ઊંટ, બળદ મહત્તમ ૩ (ત્રણ) અથવા (બિન દુધાળા નાના) પાડા/ પાડી, વાછારડા/ વાછરડી, ગધેડા વગેરે માટે મહત્તમ ૬ (છ) જ્યારે મરઘા/બતકાં (૧૦૦) સો પક્ષીની મર્યાદામાં રૂ.૧૦૦/- પ્રતિ પક્ષી દિઠ, વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦/- વળતર ચુકવવાનું રહેશે.
21. પશુ/મરઘાં/બતકાંના મૃત્યુના કિસ્સામાં પશુ/મરઘાં/બતકાંને વિમા કવચ હેઠળ આવરી લીધેલ હશે તો તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ આપવામાં આવશે નહી.
22. પશુમાલિકની દેખીતી બેદરકારી કે નિષ્કાળજીને લીધે પશુ મૃત્યુ થયુ હોય તેવા કિસ્સામાં પશુ મૃત્યુ સહાય ચુકવવામાં આવશે નહિ.
23. મૃત્યુ પામેલ પશુની નોંધણી ગામના ૧૫-ડ રજીસ્ટરમાં તેના માલિકના નામે થયેલ હોવી જોઈએ જેથી માલિક હક્કનો પ્રશ્ન ન ઉદભવે. આ અંગે તલાટી કમ મંત્રીનું પ્રમાણપત્ર અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.
24. કુદરતી આફતો જેવી કે, પૂર, અતિવૃષ્ટિ, દુષ્કાળ, ભૂકંપ, વાવાઝોડુ, આગ કે અન્ય કુદરતી હોનારતમાં પશુ મૃત્યુ થાય ત્યારે મહેસુલ વિભાગ દ્વારા લાભ મળેલ હશે કે મળવાપાત્ર હશે ત્યારે આ યોજના નીચે તેવો બીજો લાભ મળવાપાત્ર રહેશે નહી.

25. એન્થ્રેક્ષ, હડકવા, બર્ડ ફ્લ્યુ, પોઇઝનીંગ (ફૂડ પોઇઝનીંગ, કેમિકલ પોઇઝનીંગ, સ્નેક બાઇટ)ના કિસ્સામાં નિર્દિષ્ટ મર્યાદામાં પશુ મૃત્યુ વળતર મેળવવા અરજી કરી શકાશે પરંતુ આવી અરજી સાથે જે-તે વિસ્તારના સરકારી પશુ દવાખાનાંના પશુ ચિકિત્સા અધિકારીએ કરેલ પોસ્ટમોર્ટમ રીપોર્ટ (હડકવાં સિવાયના કિસ્સામાં) આપવાનો રહેશે.
26. પશુ મૃત્યુ અંગે સ્થળ, સમય, તારીખ, મરણનું કારણ વિગેરે અંગેની વિસ્તૃત વિગતો દર્શાવતું પંચનામું આપવાનું રહેશે.
27. આ યોજના હેઠળના યુ.ટી.સી. વિભાગને સમયસર મોકલી આપવાના રહેશે.
28. યોજનાના સુચારૂ અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.
29. નીચે દર્શાવ્યા મુજબની રકમની મર્યાદામાં પશુ/મરઘાં/બતકાના મૃત્યુનું વળતર ચુકવવાનું ઠરાવેલ છે.

| અ.નં | પશુની વિગત | સહાયની રકમ રૂ. | કુટુંબદીઠ મહત્તમ સહાય મળવાપાત્ર પશુઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | (દુધાળા મોટા) ગાય, ભેંસ, ઊંટ વર્ગ | ૩૭,૫૦૦/- | ૩ |
| ૨ | (દુધાળા નાના) ઘેટા, બકરાં | ૪૦૦૦/- | ૩૦ |
| ૩ | (બિન દુધાળા મોટા) ઘોડા, ઊંટ, બળદ | ૩૨,૦૦૦/- | ૩ |
| ૪ | (બિન દુધાળા નાના)<br>પાડા/પાડી, વાછરડાં/વાછરડી, ગધેડા વગેરે | ૨૦,૦૦૦/- | ૬ |
| ૫ | (પુખ્ત વયના) મરઘાં/બતકાં | ૧૦૦/- પ્રતિ પક્ષી દિઠ, વધુમાં વધુ રૂ. ૧૦,૦૦૦/- | ૧૦૦ પક્ષી |

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે અને વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્ર પ્રકાશન નં-૩ ના પાના નં. ૮૭ પર થયેલ બજેટ જોગવાઇ રૂ. ૦.૧૨ કરોડને આધિન રહી ખર્ચ કરવાનો રહેશે અને તે સદરે માન્ય રહેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | ૪ (પ્લાન) |
| સેક્ટર | ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | કૃષિ અને સંલગ્ન |
| મુખ્ય સદર | ૨૪૦૩ પશુપાલન |
| ગૌણ સદર | ૧૦૧ : પશુ ચિકિત્સા અને પશુ આરોગ્ય સેવાઓ |
| પેટા સદર | (૧૮) પશુઓના અકસ્માતથી થતા મૃત્યુના કિસ્સામાં પશુઓના માલિકને વળતર ચુકવવાની યોજના |
| વિગતવાર સદર | ૩૧૩૨ – સહાયક અનુદાન (ક) પંચાયતોને |

આ વિભાગની બજેટ શાખા અને નાણાં વિભાગ દ્વારા ગ્રાંટની ફાળવણીના હુકમો કરવામાં આવે તે અનુસાર પશુપાલન નિયામકશ્રીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગની વખતો વખતના અધ્યતન ઠરાવ વિગેરે સંબંધિત તમામ સુચનાઓને ધ્યાને લઈ ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકનીઇ- ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રી (કૃષિ)ની તા.૧૩/૦૩/૨૦૨૬ તથા અધિક મુખ્ય સચિવશ્રી (પશુપાલન) ની તા.૧૯/03/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(પ્રિયંકા ચૌધરી)

સેક્શન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય ગાંધીનગર.
- પશુપાલનનિયામકશ્રી, ગુ.રા., કૃષિભવન,સે-૧૦/એ ,ગાંધીનગર.

- ઉપમહાલેખાકારશ્રી,(ES-1)એકાઉન્ટ જનરલ,અમદાવાદ (E&RS Audit)ગુજરાત,ત્રીજો માળ,ઓડીટ ભવન,
  નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯
- એકાઉન્ટન્ટજનરલશ્રી,(એ એન્ડ ઇ),અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- પશુધન શાખા,પશુપાલન નિયામકની કચેરી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, બ.૧, પ.૨, અ અને નાણાં શાખા.
- સીલેક્ટ ફાઇલ
- સેકશન અધિકારીશ્રી (આઇ.ટી.સેલ) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ-ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિંનતી સહ

Signature Not Verified

Signed by:priyanka chaudhary
Section Officer
Date:2026.04.01
11:26:52 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign